# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **વીજળી ખોરવાઇ જવાની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવા આકસ્મિક સેવા શરૂ કરવાનું આયોજન**
2. **રાજ્યભરમાં 26થી 28 જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન.**
3. **ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પરત ખેંચવાની આજે અંતિમ તારીખ.**
4. **રાજ્યના 207 જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિનો 44 ટકા જળસંગ્રહ.**
5. **રાજ્યમાં કોરોનાના વધુ 223 કેસ નોંધાયાઃ કુલ સક્રિય કેસોની સંખ્યા એક હજાર 227 થઈ.**
6. **રાજ્યમાં આવતા અઠવાડિયે ચોમાસુ બેસવાની હવામાન વિભાગની આગાહી.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# POWER SERVICE

વીજળી ખોરવાઇ જવાની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવા રાજ્ય સરકાર આકસ્મિક સેવા શરૂ કરવાનું આયોજન કરી રહી છે. જે રીતે આરોગ્ય વિષયક સમસ્યા માટે 108 એમ્બ્યુલન્સ સેવા ચાલી રહી છે તે જ રીતે ટોલ ફ્રી નંબર દ્વારા વીજળી કાર્યરત કરવા ટીમ મોકલવામાં આવશે,

ગઈ કાલે ગાંધીનગરમાં ઊર્જા મંત્રી કનુભાઇ દેસાઇના અધ્યક્ષસ્થાને સ્થાયી પરામર્શ સમિતિની બેઠકમાં આ માહીતી આપવામાં આવી હતી. શ્રી દેસાઇએ જણાવ્યું કે, નાગરિકો પોતાનાં વીજ પ્રશ્નો સરળતાથી ઓનલાઇન નોંધી શકશે.

---

# SCHOOL ADMISSION FESTIVAL

‘આવો બનાવીએ શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ ”ની થીમ સાથે રાજ્યભરમાં 26થી 28 જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રવેશોત્સવમાં બાલવાટિકાથી લઈને ધોરણ 11 સુધીના કુલ 25 લાખ 75 હજાર પ્રવેશપાત્ર બાળકો-વિદ્યાર્થીઓને આવરી લેવાશે.

ગઈકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની બેઠક યોજાઈ હતી , જેમાં મંત્રીઓ, પદાધિકારીઓ સહિત વર્ગ-૧ના ૪૦૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું કે શાળા પ્રવેશોત્સવને કારણે શાળાઓમાં 100 ટકા નામાંકન થાય છે.

(BYTE PRAFUL PANSHERIYA)

સરકાર દ્વારા વિનામૂલ્યે અંદાજીત ૪.૩૯ કરોડ પાઠયપુસ્તકો ગુજરાતની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં પહોંચાડવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, શાળા પ્રવેશોત્સવ દ્વારા રાજકોટ જિલ્લાના કુલ ૧૮ હજાર ૫૧૭ ભૂલકાંઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

---

# RATHYATRA

અમદાવાદમાં 27મી જૂને નીકળનારી ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ગઈકાલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરી હતી , જેમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ, ડીજીપી વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમિશનર જીએસ મલિક હાજર રહ્યા હતા.

આ અંગે શ્રી સંઘવીએ વધુ માહિતી આપીઃ

(BYTE HARSH SANGHVI RATHYATRA)

દરમિયાન આજે રથયાત્રાની પ્રારંભવિધી એટલે કે , જળયાત્રા યોજવામાં આવશે. જળયાત્રા બાદ ભગવાન જગન્નાથ , બહેન સુભદ્રાજી અને બળદેવજી સરસપુરમાં રણછોડરાયજી મંદિર ખાતે મોસાળમાં રોકાણ માટે જશે.

આ અહાઉ પ્રસિધ્ધ જગન્નાથ મંદિર ખાતે સવારે આઠ કલાકે શોભાયાત્રાનો પ્રારંભ થશે.

---

# GRAM PANCHAYAT ELECTIONS

રાજ્યમાં આગામી 22 જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવી હતી.

રાજ્યની અનેક ગ્રામપંચાયતો સમરસ થઈ હોવાનાં અહેવાલ છે. મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં બે પંચાયતો સમરસ થઈ છે , જ્યારે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાની 14 અને વિજાપુર તાલુકાની 15 ગ્રામ પંચાયતો સમરસ બની છે.

ઉમેદવારીપત્રો પરત ખેંચવાની આજે છેલ્લી તારીખ છે અને 25 જૂને પરિણામ જાહેર થશે.

---

# CHANDOLA TALAV

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ચંડોળા તળાવ પરના ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવી રહ્યાં છે. જે અંતર્ગત ગઇકાલે 700 જેટલા ગેરકાય દે દબાણો દૂર કરીને 4 હજાર 689 મેટ્રિક ટન કાટમાળ દૂર કરાયો છે.આ ઉપરાંત ચંડોળા તળાવમાં જળસંગ્રહના આશય સાથેતેને ઊડું કરવાની પણ કામગીરી કરવામાં આવી રહી છે.

આગામી દિવસોમાં ચંડોળા તળાવે વિકસાવીને તેને સુંદર અને પિકનિક પોઇન્ટ તરીકે વિકસાવવાની પણ અમદાવાદ મહાનગરપાલિકાની ભાવિ યોજના છે.

---

## SPECIAL FEATURE – 11 YEARS OF GOVT

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતોથી પ્રેરિત , ભારતે એક દાયકામાં નોંધપાત્ર પરિવર્તનનો અનુભવ કર્યો છે .આકાશવાણી સમાચાર વિભાગ સરકારે છેલ્લા 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રોમાં કરેલ પ્રયાસો પર એક વિશેષ અહેવાલ રજૂ કરે છે.

આજે આપણે સંરક્ષણમાં આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

(વોઇસ કાસ્ટ :યશવી મહેતા)

2016 ના સર્જિકલ સ્ટ્રાઈકથી લઈને 2025માં ઓપરેશન સિંદૂર સુધી- ભારત તેની રાષ્ટ્રીય સુરક્ષા માટેના જોખમોને સહન કરશે નહીં આ સંદેશ સ્પષ્ટ છે .

પહેલગામ આતંકવાદી હુમલાનો ઝડપી અને નિર્ણાયક જવાબ આપવામાં આવ્યો. ઓપરેશન સિંદૂરની સફળતામાં સ્વદેશી ઉત્પાદને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી, એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતથી લઈને લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર , LCH પ્રચંડ સુધી, ભારત આત્મવિશ્વાસ સાથે સંરક્ષણ ઉટપદનો ડિઝાઇન કરી રહ્યું છે. ઇનોવેશન્સ ફોર ડિફેન્સ એક્સેલન્સ , iDEX જેવી પહેલ સ્ટાર્ટઅપ્સ અને MSMEs ને સશક્ત બનાવી રહી છે.

વધુમાં, સંરક્ષણ નિકાસમાં 23 હજાર 622 કરોડ રૂપિયાનો વિક્રમજનક વધારો થયો છે , જે 2014 થી 34 ગણો વધારો દર્શાવે છે. 5 હજારથી વધુ વસ્તુઓ હવે સકારાત્મક સ્વદેશીકરણ યાદીમાં છે. ફ્રન્ટલાઈનથી ફેક્ટરી ફ્લોર સુધી , યુદ્ધના

મેદાનોથી બોર્ડરૂમ સુધી - ભારત એક નવા યુગની શરૂઆત કરી રહ્યું છે જ્યાં સુરક્ષા એ તાકાત છે, અને આત્મનિર્ભરતા આપણી ઢાલ છે.

---

# AMRELI LION ATTACK ON SHIPS AND GOATS

અમરેલી જિલ્લામાં બગસરા તાલુકાના સાપર ગામમાં સિંહોએ માલધારીના ઘેટા-બકરાંઓ પર હુમલો કરતા ભારે નુકસાન થયું છે. ડેમ પાસેની મઢી નજીક વહેલી સવારે આ ઘટના બની હતી , જેમાં એક માલધારી સવાભાઇનાં 32 ઘેટા-બકરાંના મોત નિપજ્યા છે , જ્યારે 10 પશુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. સવાભાઈ પાસે કુલ 50 જેટલા ઘેટા-બકરાઓ હતા.

ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વન વિભાગે માલધારીને વળતર ચૂકવવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ ઘટનાથી માલધારી સમાજમાં ભારે રોષ ફેલાયો છે. દૂધાળા પશુઓના મોતથી માલધારી પરિવારની આજીવિકા પર ગંભીર અસર થઈ છે.

---

# COVID CASE

છેલ્લાં 24 કલાકમાં રાજ્યમાં કોરોનાના 223 નવા કેસ નોંધાયા છે , જેમાં સૌથી વધુ 175 કેસો અમદાવાદમાં નોંધાયા છે. આ સાથે રાજ્યમાં સક્રિય કેસોની સંખ્યા વધીને એક હજાર 227 થઈ છે. એક હજાર 204 દ દીંઓએ ઓપીડીમાં

સારવાર લીધી હતી. આરોગ્ય ખાતાની યાદી પ્રમાણે કોરોનાથી રાજ્યમાં એક પણ મૃત્યુ નોંધાયું નથી.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે , જિલ્લામાં કોરોના વાયરસના વધુ ત્રણ કેસો નોંધાયા છે અને ત્રણ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. ભાવનગરમાં હવે કોરોના પોઝિટિવના કુલ 25 દર્દીઓ હોમ આઇસોલેશનમાં સારવાર લઈ રહ્યા છે.

---

# WATER IN DAMS

ગત વર્ષે સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાથી હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના 207 જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના 44.18 ટકા જળ સંગ્રહ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના 53 ટકા પાણી ઉપલબ્ધ છે. જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે. ગત વર્ષે તા. 10 જૂનની સ્થિતિએ રાજ્યના 207 જળાશયોમાં 40.81 ટકા જળ સંગ્રહ હતો

મધ્ય ગુજરાતના 17 જળાશયોમાં સૌથી વધુ 44.08 ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના 13 જળાશયોમાં 43.25 ટકા જળ સંગ્રહ, ઉત્તર ગુજરાતના 15 જળાશયોમાં 29.38 ટકા, સૌરાષ્ટ્રના 141 જળાશયોમાં 28.10 ટકા અને કચ્છના 20 જળાશયોમાં 27.57 ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

**રાજ્યના છ જળાશયો 70 થી 100 ટકા, 20 જળાશયો 50થી 70 ટકા તેમજ 71 જળાશયો 25થી 50 ટકા વચ્ચે ભરાયેલા છે.**

---

# WEATHER

**રાજ્યમાં આવતા અઠવાડિયા સુધી વરસાદનું આગમન થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.**

**આજે ભાવનગર , અમરેલી, ગીર સોમનાથ , દીવ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે 13 થી 16 જૂન દરમિયાન પૂર્વ ગુજરાતમાં અને સૌરાષ્ટ્ર ઉપરાંત દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરાઇ છે.**

**હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ આ અંગે વધુ માહિતી આપી**

**(બાઈટ – પ્રદીપ શર્મા)**

---